# FIA TIMES

AUGUST-2024 • Year : 29 • E-mail : fiagujarat@gmail.com, Website : www.fiagujarat.com

FIA
UNITED WE GROW

आज़ादी का
अमृत महोत्सव







## FEDERATION OF INDUSTRIES AND ASSOCIATIONS

(Gujarat's Largest Federation Representing Industries of Gujarat)

Editor : Bhavindra N. Taneja

# એફ.આઈ.એ.ના હોદ્દેદારો, કારોબારી સભ્યો તથા અસાધારણ સભાનું ગેજીયા ખાતે આયોજન




તા. ૦૩/૦૯/૨૦૨૪ ને મંગળવારના રોજ એફ.આઈ.એ.ના પ્રમુખ શ્રી કાન્તિભાઈ પટેલની અધ્યક્ષતામાં હોદ્દેદારો, કારોબારી સભ્યો તથા અસાધારણ સભાનું ગેજીયા કોન્ફરન્સ હોલ, ગાંધીનગર ઈલેક્ટ્રોનિક ઝોન એસ્ટેટ, સેક્ટર-૨૫, ગાંધીનગર ખાતે આયોજન થયું. જેમાં મોટી સંખ્યામાં એફ.આઈ.એ.ના હોદ્દેદારશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઓ, પૂર્વ પ્રમુખશ્રી, વિવિધ સભ્ય એસોસિએશનના પ્રમુખશ્રી, મંત્રીશ્રી, એસોસીએટ સભ્યો, પેટ્રોન સભ્ય હાજર રહ્યા હતા, જેઓનું માનદ્ મંત્રીશ્રી ભાવેન્દ્ર તનેજા દ્વારા શાબ્દિક સ્વાગત કરીને મિટિંગના એજન્ડા મુજબ ચર્ચા કરવામાં આવી.

માનદ્ મંત્રીશ્રી ભાવેન્દ્ર તનેજા દ્વારા એફ.આઈ.એ.ના હોદ્દેદારો દ્વારા થયેલ કામગીરીથી કારોબારી સભ્યશ્રીઓને અવગત કર્યા. એફ.આઈ.એ. ના સી.એ. કેયુર બાવીસી દ્વારા ઓડીટ રીપોર્ટ વાંચી સંભળાવ્યા. પ્રમુખ શ્રી કાન્તિભાઈ પટેલ દ્વારા જી.આઈ.ડી.સી.ની વિવિધ સમસ્યાઓ અને તેના નિરાકરણ માટે એફ.આઈ.એ. દ્વારા કરાયેલા પ્રયાસોની રજૂઆત કરવામાં આવી. મિટિંગમાં ઉપસ્થિત સર્વે સભ્યો દ્વારા બંધારણના સૂચિત સુધારાઓને મંજૂરી આપવામાં આવી. બેઠકના અંતે પ્રમુખ શ્રી કાન્તિભાઈ પટેલે પધારેલ સર્વે સભ્યોનો આભાર વ્યક્ત કરી બેઠકનું સમાપન કર્યું.





# FEDERATION OF INDUSTRIES AND ASSOCIATIONS (GUJARAT)

"FIA BHAVAN", Plot No. R-11, New Green City, GIDC Housing Zone,
Nr. D-Mart, Sector-26, Gandhinagar-382026

99250 07221 fiagujarat@gmail.com

www.fiagujarat.com
@fiatweet1
www.facebook.com/fiagujarat




**પ્રમુખ**
**શ્રી કાન્તિભાઈ એલ. પટેલ**



**માનદ્ મંત્રી/તંત્રી**
**શ્રી ભાવેન્દ્ર એન. તનેજા**



**કોષાધ્યક્ષ**
**શ્રી ચિરાગ કે. સાકરીયા**

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | પ્રમુખ સ્થાનેથી | ૦૨ |
| ૨. | તંત્રી સ્થાનેથી | ૦૩ |
| | **: સંસ્થાકીય સમાચાર :** | |
| ૩. | એફ.આઈ.એ.માં નવું સભ્યપદ મેળવવા બદલ હાર્દિક અભિનંદન | ૦૪ |
| ૪. | એફ.આઈ.એ. ભવન ખાતે એફ.આઈ.એ.ના હોદ્દેદારોની બારમી અને કારોબારી સભ્યોની અગિયારમી બેઠકનું આયોજન | ૦૫ |
| ૫. | એફ.આઈ.એ. ભવનની શુભેચ્છા મુલાકાત | ૦૬ |
| ૬. | ઉદ્યોગભવન ખાતે જીઆઈડીસીના જનરલ મેનેજર તથા અન્ય ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક | ૦૬ |
| ૭. | દેદિયાસણ જી.આઈ.ડી.સી. ખાતે દસ હજાર રોપાનું ફ્રી વિતરણ અને વૃક્ષારોપણ | ૦૭ |
| ૮. | હિંમતનગર જી.આઈ.ડી.સી. ખાતે આંતરરાષ્ટ્રીય MSME DAYની ઉજવણી કરવામાં આવી | ૦૭ |
| ૯. | દેદિયાસણ ખાતે હાડકાંનાં દર્દનો ફ્રી નિદાન કેમ્પ | ૦૮ |
| ૧૦. | મકરપુરા ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશન ખાતે વિશ્વયોગ દિનની ઉજવણી | ૦૮ |
| ૧૧. | દેદિયાસણ જીઆઈડીસી મહેસાણા ખાતે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી | ૦૯ |
| ૧૨. | નરોડા ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન ખાતે રક્તદાન શિબિર અને વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો | ૧૦ |
| ૧૩. | એફ.આઈ.એ. ભવન ખાતે ભારતના ૭૮મા સ્વાતંત્ર દિવસની ઉજવણી | ૧૧ |
| ૧૪. | એફ.આઈ.એ.ના સભ્ય એસોસિએશન્સમાં ભારતના ૭૮મા સ્વાતંત્ર્ય દિનની ઉજવણી | ૧૨ |
| | **: વિશેષ :** | |
| ૧૫. | પ્રધાનમંત્રી સૂક્ષ્મ ખાદ્ય સંસ્કરણ ઉન્નતિ યોજના | ૧૭ |
| ૧૬. | પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના ભારતના ૭૮મા સ્વતંત્રતા દિવસના સંબોધનના મુખ્ય મુદ્દાઓ | ૧૯ |
| ૧૭. | કોર્પોરેટ ગેરંટી GST હેઠળ એક કાંટાવાળી વાડ સમાન | ૨૧ |
| ૧૮. | બિનઆયોજીત વિકાસ માનવ અસ્તિત્વ અને ગુણવત્તાયુક્ત જીવન માટે જોખમકારક | ૨૨ |
| ૧૯. | કેન્દ્રીય પ્રદૂષણ બોર્ડની સુસ્તીને કારણે ઉદ્યોગોના વિસ્તરણ અટવાયા | ૨૪ |
| ૨૦. | વિદેશી રોકાણ મામલે ગુજરાતે માર્યું મેદાન, ૨૦૨૪માં $7.3 બિલિયન રોકાણ આવ્યું | ૨૫ |
| ૨૧. | Applying Gambling Tactics to Distributor Sales Success | ૨૬ |
| ૨૨. | એફ.આઈ.એ.ના સભ્ય એસોસિએશનના પ્રમુખશ્રી અને મંત્રીશ્રીઓની માહિતી | ૨૭ |
| | **: નીતિવિષયક પરિપત્રો :** | |
| ૨૩. | Public Notice No.01/2024-25 Dated: 29.07.2024 | ૩૭ |
| ૨૪. | પરિપત્ર ક્રમાંક : જીઆઈડીસી/એટીપી/૧૧ તા: ૨૮/૦૬/૨૦૨૪ | ૩૮ |
| ૨૫. | પરિપત્ર ક્રમાંક : જીઆઈડીસી/પોલીસી/હિસાબ/નાણા/૦૯ તા. ૨૦/૦૬/૨૦૨૪ | ૩૯ |
| ૨૬. | પરિપત્ર ક્રમાંક : જીઆઈડીસી/પોલિસી/પોસ્ટ વિતરણ/૧૦ તા. ૨૪/૦૬/૨૦૨૪ | ૪૨ |
| ૨૭. | ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, ગાંધીનગર કાર્યાલય આદેશ | ૪૩ |
| ૨૮. | પરિપત્ર ક્રમાંક : જીઆઈડીસી/ફાયર એન.ઓ.સી./૧૩૭ તા. ૩૦/૦૫/૨૦૨૪ | ૪૪ |


**વાચક જોગ**
અંકમાં પ્રસિદ્ધ થતા લેખો, મંતવ્યો કે અનુમાનો લેખકના અંગત અભિપ્રાય છે. એફ.આઈ.એ.ની તે અંગે કોઈ સહમતિ કે જવાબદારી રહેતી નથી. - તંત્રી


Editor & Published By
**Bhavindra N. Taneja**



**કાન્તિભાઈ એલ. પટેલ**
**પ્રમુખ**

# પ્રમુખ સ્થાનેથી

નમસ્કાર,

સર્વે સાથી ઉદ્યોગકાર મિત્રો આપ સૌની કુશળ મંગલકામના સાથે એફ.આઈ.એ. ટાઈમ્સનો નવીન અંક પ્રસ્તુત કરું છું. તાજેતરમાં સંપન્ન થયેલ ચૂંટણીમાં ભારતની જનતાએ ફરી એકવાર સ્થિર અને મજબૂત સરકાર ચૂંટી છે, જે એક મજબૂત લોકશાહીની નિશાની છે. નવી સરકાર પ્રજાની અપેક્ષાઓ પૂરી કરી દેશના વિકાસને વધુ વેગ આપશે તે માટે આપણે સૌ આશાવાદી છીએ.

GST કલેક્શનના આંકડાઓ તથા કોર્પોરેટ પરિણામો તથા દરરોજ નવી ઊંચાઈએ સ્પર્શતું શેરબજાર એ દેશના આર્થિક વિકાસની પ્રગતિની નિશાની છે. લોકસભા ચૂંટણી પછી નવી સરકાર દ્વારા રજૂ કરેલા પ્રજાલક્ષી અને સાથે સાથે ઉદ્યોગલક્ષી બજેટને આપણે સૌ આવકારીએ છીએ.

આપણે સૌએ આ વર્ષે પણ 'આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત યોજાતા તિરંગાયાત્રા અને હર ઘર તિરંગા ઉત્સવમાં ઉત્સાહભેર ભાગ લીધો અને ૧૫મી ઑગસ્ટના રોજ ૭૮મા સ્વતંત્રતા દિવસની ભવ્ય ઉજવણી કરી લગભગ સર્વે વસાહતોમાં ધ્વજવંદનના કાર્યક્રમોનું સુંદર આયોજન કર્યું તે માટે આપ સૌ ધન્યવાદને પાત્ર છો.

તાજેતરમાં પેરિસમાં સંપન્ન થયેલ ઓલિમ્પિકમાં ભારતના ખેલાડીઓએ ઉત્તમ પ્રદર્શન કર્યું તે બદલ સર્વે ખેલાડીઓને અભિનંદન.

આભાર.

# તંત્રી સ્થાનેથી



**ભાવેન્દ્ર એન. તનેજા**
**માનદ્ મંત્રી**

વહાલા સાથી મિત્રો,

આપ સૌ સહપરિવાર કુશળ હશો તેવી અપેક્ષા સાથે FIA TIMESનો આ નવીનતમ અંક આપ સૌ સમક્ષ રજૂ કરતા ખુશી અનુભવું છું.

મિત્રો, આપ સૌના સાથ અને સહકારથી પાછલા થોડા મહિનાઓમાં આપણે સરકાર અને GIDC સમક્ષ આપણા ઘણા સભ્યોની વ્યક્તિગત, વસાહતોની વ્યક્તિગત તથા સમગ્ર વસાહતોની સામૂહિક રજૂઆતો રૂબરૂ મિટિંગો દ્વારા, પત્રો દ્વારા કરી તથા આપણા વિસ્તારના ધારાસભ્યો દ્વારા પણ કરાવી છે. ઘણી રજૂઆતોનું સમાધાન સ્થળ ઉપર જ મેળવવામાં આપણે સફળ રહ્યા છીએ અને બાકીનું પણ યોગ્ય સમાધાન થશે તે માટે આપણે આશાવાદી છીએ.

આપણે આપની એકતાથી સામાન્ય પડકારનો સામનો કરી સામૂહિત પ્રગતિને આગળ વધારી શકીશું.

મિત્રો આજના યુગમાં ઔદ્યોગિક વિકાસમાં ટકી રહેલા અને અગ્રેસર બનવા નવીન ટેક્નોલૉજી અત્યંત જરૂરી બની રહી છે. આપણે સૌ પણ ઑટોમેશન અને આર્ટિફિશિયલ ઈન્ટેલીજન્સ જેવી આધુનિક ઉત્પાદન અને વેપારની તકનીકો અપનાવી વૈશ્વિક સ્પર્ધાના આ દોરમાં પ્રગતિ કરી શકીએ.

મિત્રો ગુજરાત ઉદ્યોગક્ષેત્રે ખૂબ પ્રગતિ કરી રહ્યું છે, આપણે ગુજરાતને "Ease of Doing business" રેટીંગમાં દેશમાં પ્રથમ સ્થાન મેળવે તે માટે સરકારની પોલીસીઓમાં સુધારાના સુચનો માટે એફ.આઈ.એ. એક ચિંતન શિબિરનું આયોજન કરવાનું વિચારીએ છીએ.

અંતમાં, હું આપ સૌને આપણા પ્રયાસો અને પ્રવૃત્તિઓમાં સક્રિય રીતે જોડાવા આમંત્રિત કરું છું. આપના પ્રતિભાવો, વિચારો, અનુભવ અને સહકાર અમૂલ્ય છે. સાથે મળીને આપણે એવા ભવિષ્યનું નિર્માણ કરીએ જ્યાં આપણા ઉદ્યોગો વિકાસ પામે, લોકોની સમૃદ્ધિ વધે અને સામૂહિક જરૂરિયાતો અને અપેક્ષાઓ પૂર્ણ થાય.

આપના સતત સમર્થન અને સમપર્ણ બદલ આભાર.

# એફ.આઈ.એ.માં નવું સભ્યપદ મેળવવા બદલ હાર્દિક અભિનંદન

## New Associate Member

Tatva Registration & Certification Services Pvt.Ltd. - Ahmedabad

## New committee

### Gujarat Energy Auditors Association 2024-2026

Mr. Jyotindra N. Patel - President
Mr. R. K. Shah - Secretary
Mr. Navin A. Patel - Treasurer

### Ranoli Industries Association New Committee 2024

Mr. Ashok Chaudhary - President
Mr. Rajendrasinh Gohil - Secretary
Mr. Bhadresh Patel - Treasurer

### Mahuva GIDC New Committee

Mr. Samsuddin Chhatariya - President
Mr. Amrubhai Hamdani - Secretary
Mr. R. K. Ruparel - Vice President

### Kalol GIDC (N.G.) New Committee 2024-27

Mr. Manubhai B. Patel - President
Mr. Paresh B. Patel - Secretary
Mr. Piyushshbhai P. Patel - Treasurer

### Vatva GIDC New committee 2024-25

Mr.Vashishth k. Vadhavana - President
Mr. Kiran N. Patel - Secretary
Mr. Kaumil k. Patel - Treasurer

### Ankleshwar GIDC New Committee - 2024-25

Mr. Himat B. Sheladia - President
Mr. Haresh G. Patel - Secretary
Mr. Dev Sharan Singh - Treasurer

# એફ.આઈ.એ. ભવન ખાતે એફ.આઈ.એ.ના હોદ્દેદારોની બારમી અને કારોબારી સભ્યોની અગિયારમી બેઠકનું આયોજન








તા. ૦૭/૦૬/૨૦૨૪ ને શુક્રવારના રોજ એફ.આઈ.એ.ના પ્રમુખ શ્રી કાન્તિભાઈ પટેલની અધ્યક્ષતામાં એફ.આઈ.એ. ભવન, ગાંધીનગર ખાતે રૂબરૂ તથા ઓનલાઈન એફ.આઈ.એ.ના હોદ્દેદારોની બારમી અને કારોબારી સભ્યોની અગિયારમી બેઠકનું આયોજન થયું. જેમાં મોટી સંખ્યામાં એફ.આઈ.એ.ના હોદ્દેદારશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઓ અને પૂર્વ પ્રમુખશ્રી હાજર રહ્યા તથા ઓનલાઈન જોડાયા હતા. જેઓનું માનદ્‌મંત્રી શ્રી ભાવેન્દ્ર તનેજા દ્વારા શાબ્દિક સ્વાગત કરીને મિટિંગના એજન્ડા મુજબ ચર્ચા કરવામાં આવી.

માનદ્‌મંત્રી શ્રી ભાવેન્દ્ર તનેજા દ્વારા એફ.આઈ.એ.ના હોદ્દેદારો દ્વારા થયેલ કામગીરીથી કારોબારી સભ્યશ્રીઓને અવગત કર્યા. ખજાનચીશ્રી ચિરાગભાઈ સાકરીયા દ્વારા હિસાબો બેઠકમાં વાંચી સંભળાવ્યા.

પ્રમુખ શ્રી કાન્તિભાઈ પટેલ દ્વારા જી.આઈ.ડી.સી.ની વિવિધ સમસ્યાઓ અને તેના નિરાકરણ માટે એફ.આઈ.એ. દ્વારા કરાયેલા પ્રયાસોની રજૂઆત કરવામાં આવી. કારોબારી સભ્યશ્રીઓ દ્વારા બંધારણના સૂચિત સુધારાઓને મંજૂરી આપવામાં આવી. બેઠકના અંતે માનદ્‌મંત્રી શ્રી ભાવેન્દ્ર તનેજાએ પધારેલ સર્વે સભ્યોનો આભાર વ્યક્ત કરી બેઠકનું સમાપન કર્યું.










## એફ.આઈ.એ. ભવનની શુભેચ્છા મુલાકાત




તા. ૧૯/૦૬/૨૦૨૪ ને બુધવારના રોજ રેડક્રોસ સોસાયટી, પંચમહાલના ચેરમેનશ્રી ડૉ. જે. વી. બોલંદા અને પેથોલોજિસ્ટ હર્ષ શાહે એફ.આઈ.એ. ભવન પધારી એફ.આઈ.એ.ના માનદ્‌મંત્રી શ્રી ભાવેન્દ્ર તનેજા તથા કારોબારી સભ્યો સુભાષભાઈ ગઢવી, માધવલાલ પટેલ, અમરતભાઈ પટેલ સાથે શુભેચ્છા મુલાકાત કરી અને એફ.આઈ.એ.ની કાર્યપ્રણાલી વિશે જાણકારી મેળવી.

## ઉદ્યોગભવન ખાતે જીઆઈડીસીના જનરલ મેનેજર તથા અન્ય ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક





તા. ૧૧/૦૬/૨૦૨૪ના રોજ જી.આઈ.ડી.સી.ના વીસીએમડી શ્રી રાહુલ ગુપ્તા સાથે થયેલ મિટિંગના અનુસંધાને તા. ૦૯/૦૭/૨૦૨૪ ને મંગળવારના રોજ ૧૧:૦૦ કલાકે વિવિધ એસોસિએશનના પડતર પ્રશ્નોની ચર્ચા કરવા માટે એફ.આઈ.એ. ભવન ખાતે એક બેઠકનું આયોજન થયું, જેમાં એફ.આઈ.એ.ના માનદ્‌મંત્રી શ્રી ભાવેન્દ્ર તનેજા, સેન્ટ્રલ ઝોનના ઉપપ્રમુખ શ્રી બી.એન. ગીરી તથા કારોબારી સભ્યો શ્રી સુભાષભાઈ ગઢવી, માધવલાલ પટેલ, અજયભાઈ પટેલ, પ્રવીણભાઈ પટેલ, ગિરીશભાઈ પટેલ, કનુભાઈ બારોટ, જયંતીભાઈ દોશી અને વિવિધ એસોસિએશનના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા, ત્યારબાદ બપોરે ૧૨:૦૦ કલાકે ઉદ્યોગભવન ખાતે જી.આઈ.ડી.સી.ના જનરલ મેનેજર ઘાંઘર સાહેબ તથા અન્ય ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠકનું આયોજન થયું, જેમાં એસોસિએશનોના વિવિધ પડતર પ્રશ્નોની વિસ્તૃત ચર્ચા કરવા આવી અને જેમાંથી મોટાભાગના પ્રશ્નોના સમાધાન માટે તાત્કાલિક સ્થળ ઉપર જ સંલગ્ન અધિકારીઓને સૂચનાઓ આપવામાં આવી, નીતિ વિષયક સમસ્યાઓના સમાધાન માટે આગળ ચર્ચા કરી હકારાત્મક ઉકેલ લાવવાની ઘાંઘર સાહેબ દ્વારા ખાતરી આપવામાં આવી.

**સંસ્થાકીય સમાચાર**

## દેદિયાસણ જી.આઈ.ડી.સી. ખાતે દસ હજાર રોપાનું ફ્રી વિતરણ અને વૃક્ષારોપણ







તા. ૧૦/૦૭/૨૦૨૪ના રોજ દેદિયાસણ જી.આઈ.ડી.સી. ખાતે એફ.આઈ.એ.ના પ્રમુખ શ્રી કાન્તિભાઈ પટેલના પૂજ્ય પિતાશ્રી લાલજીદાદાની દસમી પુણ્યતિથિ નિમિત્તે દસ હજાર રોપાનું ફ્રી વિતરણ અને વૃક્ષારોપણ કરવામાં આવ્યું.

## હિંમતનગર જી.આઈ.ડી.સી. ખાતે આંતરરાષ્ટ્રીય MSME DAYની ઉજવણી કરવામાં આવી






તા. ૨૭/૦૬/૨૦૨૪ ને ગુરૂવારના રોજ હિંમતનગર જી.આઈ.ડી.સી. ખાતે જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર સાબરકાંઠા અને હિંમતનગર જી.આઈ.ડી.સી.ના સંયુક્ત ઉપક્રમે આંતરરાષ્ટ્રીય MSME DAYની ઉજવણી કરવામાં આવી, જેમાં એફ.આઈ.એ.ના નોર્થ ઝોન ઉપપ્રમુખ શ્રી પરષોત્તમભાઈ પટેલ, હિંમતનગર જી.આઈ.ડી.સી. અને એફ.આઈ.એ.ના કારોબારી સભ્ય શ્રી શ્યામસુંદર સલુજા, હિંમતનગર એસોસિએશનના કારોબારી સભ્યો તથા વસાહતના ઉદ્યોગકારો સેમિનારમાં ઉપસ્થિત રહી ઉદ્યોગો વિશેની સંપૂર્ણ માહિતી મેળવી.

## દેદિયાસણ ખાતે હાડકાંનાં દર્દનો ફ્રી નિદાન કેમ્પ





તા. ૧૨/૦૫/૨૦૨૪ના રોજ આત્મારામ કાકાની જન્મજયંતી નિમિત્તે આત્મારામકાકા ફિઝિયોથેરાપી સેન્ટર, દેદિયાસણ ખાતે હાડકાંનાં દર્દનો ફ્રી નિદાન કેમ્પ યોજવામાં આવ્યો, જેમાં ધ્રાંગધ્રાના MLA પ્રકાશભાઈ વરમોરા, એફ.આઈ.એ.ના પ્રમુખ શ્રી કાન્તિભાઈ પટેલ, ખજાનચી શ્રી ચિરાગભાઈ સાકરિયા, શીહોરી જી.આઈ.ડી.સી.ના પ્રમુખ શ્રી જયંતીભાઈ પટેલ, દેદિયાસણ જી.આઈ.ડી.સી.ના ઉદ્યોગકારો હાજર રહ્યા.

## મકરપુરા ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશન ખાતે વિશ્વયોગ દિનની ઉજવણી





તા. ૨૧/૦૬/૨૦૨૪ ને શુક્રવારના રોજ મકરપુરા ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશન ખાતે વિશ્વયોગ દિનની ઉજવણી કરવામાં આવી, જેમાં મકરપુરા જી.આઈ.ડી.સી.ના પ્રમુખ શ્રી જીવણભાઈ પટેલ, ઉપપ્રમુખ શ્રી બી. એન. ગીરી, માનદ્‌મંત્રી શ્રી ચંન્દ્રકાંત દવે, ખજાનચી શ્રી દિપકભાઈ પટેલ, વસાહતના ઉદ્યોગકારો તથા મોટી સંખ્યામાં સ્થાનિક બહેનોએ ભાગ લીધો.

## અભિનંદન

**એફ.આઈ.એ.ના સેન્ટ્રલ ઝોનના ઉપપ્રમુખ શ્રી કાન્તિભાઈ ભુવા સાહેબની ગુજરાત સ્ટેટ ટેબલ ટેનિસ એસોસિએશનના ઉપપ્રમુખ તરીકે બિનહરીફ વરણી થવા બદલ ખૂબ ખૂબ અભિનંદન.**

# દેદિયાસણ જીઆઈડીસી મહેસાણા ખાતે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી





તા. ૦૫/૦૬/૨૦૨૪ના રોજ દેદિયાસણ જી.આઈ.ડી.સી. મહેસાણા ખાતે સહકારભારતી તથા એફ.આઈ.એ.ના ઉપક્રમે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી, જેમાં એફ.આઈ.એ.ના પ્રમુખશ્રી કાન્તિભાઈ પટેલ, દેદિયાસણ જી.આઈ.ડી.સી.ના પ્રમુખ શ્રી જી. કે. પટેલ, ગુજરાત પેપરમીલ એસોસિએશનના પ્રમુખ શ્રી પ્રહલાદભાઈ પટેલ, ઉ.ગુ. ક્રેડીટ ફેડરેશનના એમ.ડી. શ્રી જશુભાઈ પટેલ, ડી.એફ.ઓ. મહેસાણા શ્રી દેસાઈ સાહેબ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર અધિકારી શ્રી મેવાડા સાહેબ તથા મોટી સંખ્યામાં પર્યાવરણ પ્રેમીઓ હાજર રહ્યા.

ઉપરોક્ત કાર્યક્રમમાં પ્રખર પર્યાવરણવાદી શ્રી નિજાણંદબાપુ દ્વારા પર્યાવરણનું જતન કરવાના તથા સ્વચ્છતાના સંકલ્પ લેવડાવ્યા અને વૃક્ષારોપણ કરવામાં આવ્યું.



## નરોડા ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન ખાતે રક્તદાન શિબિર અને વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો





તા. ૦૫/૦૬/૨૦૨૪, બુધવારના રોજ નરોડા જી.આઈ.ડી.સી. ખાતે એક વ્યાપક રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં એન.આઈ.એ.ના સમગ્ર કારોબારી સભ્યો અને નરોડા વિધાનસભાના ધારાસભ્ય શ્રી પાયલબેન કુકરાણી ઉપસ્થિત રહ્યાં હતાં. આ કાર્યક્રમમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને સિદ્ધિ સ્વરાજ સંસ્થાને પણ સામેલ કરીને વન ટુ વન TB/HIV/AIDS વિશે માહિતી આપી હતી. નરોડા ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન વર્ષ ૨૦૨૫ સુધીમાં ભારતને ટીબી મુક્ત કરવા અને ભારતમાં HIV/AIDSની ઘટનાઓમાં નોંધપાત્ર ઘટાડો કરવા માટે પ્રતિબદ્ધ છે. ઉપરાંત, વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે નરોડા જી.આઈ.ડી.સી.માં ૧૧૦૦ વૃક્ષો વાવીને ઉજવણી કરવામાં આવી હતી.

## ॥ શ્રદ્ધાંજલિ ॥



### સ્વ. શ્રી ભૂપેન્દ્રભાઈ આર. પટેલ

ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એન્ડ એસોસિએશન્સના વર્ષોથી સક્રિય, સેવાભાવી અને મિલનસાર ભૂતપૂર્વ ઉપપ્રમુખ (સાઉથ ઝોન) તથા વર્તમાન કારોબારી સભ્ય શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ (કતારગામ)ના દુઃખદ અવસાનથી એફ.આઈ.એ.ના પ્રમુખશ્રી તથા તમામ સભ્યશ્રીઓ અત્યંત દુઃખની લાગણી અનુભવે છે અને અંતઃકરણપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પે છે.

પ્રભુ સદ્‌ગતના પરિવાર ઉપર આવી પડેલ આઘાત સહન કરવાની હિંમત અને શક્તિ તથા દિવ્ય આત્માને ચિરઃશાંતિ અર્પે એ જ પરમાત્માને સમગ્ર એફ.આઈ.એ. પરિવાર વતીથી પ્રાર્થના.

ૐ શાંતિ... ૐ શાંતિ... ૐ શાંતિ...

# એફ.આઈ.એ. ભવન ખાતે ભારતના ૭૮મા સ્વાતંત્ર દિવસની ઉજવણી





એફ.આઈ.એ. ભવન ખાતે ભારતના ૭૮મા સ્વાતંત્ર દિવસ નિમિત્તે ભવ્ય ધ્વજવંદનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો, એફ.આઈ.એ.ના કારોબારી સભ્યશ્રી સમીરભાઈ ત્રિવેદીએ ભારતનો રાષ્ટ્રધ્વજ લહેરાવ્યો, જેમાં ગેજીયાના પ્રમુખ શ્રી ચાણક્યભાઈ પટેલ, ગેજીયાના ઉદ્યોગકારો, સ્થાનિક વિદ્યાર્થીઓ અને ભાઈઓ-બહેનો તથા બાળકોએ રાષ્ટ્રગીત ગાઈને તથા શહીદોને શ્રદ્ધાંજલિ આપી દેશપ્રેમની ભાવના વ્યક્ત કરી.





## એફ.આઈ.એ.ના સભ્ય એસોસિએશન્સમાં ભારતના ૭૮મા સ્વાતંત્ર્ય દિનની ઉજવણી




ચાણસ્મા જીઆઈડીસી



અંજાર જીઆઈડીસી





દીયોદર જીઆઈડીસી

## સંસ્થાકીય સમાચાર

# એફ.આઈ.એ.ના સભ્ય એસોસિએશન્સમાં ભારતના ૭૮મા સ્વાતંત્ર્ય દિનની ઉજવણી





EPSEZ જીઆઈડીસી, ગાંધીનગર




ગેજીયા - ગાંધીનગર




ઉમરગામ જીઆઈડીસી

# એફ.આઈ.એ.ના સભ્ય એસોસિએશન્સમાં ભારતના ૭૮મા સ્વાતંત્ર્ય દિનની ઉજવણી




ઈડર જીઆઈડીસી



કઠવાડા જીઆઈડીસી




વિસનગર જીઆઈડીસી



મકરપુરા જીઆઈડીસી

# એફ.આઈ.એ.ના સભ્ય એસોસિએશન્સમાં ભારતના ૭૮મા સ્વાતંત્ર્ય દિનની ઉજવણી






માણસા જીઆઈડીસી








મહેસાણા ખાતે

## એફ.આઈ.એ.ના સભ્ય એસોસિએશન્સમાં ભારતના ૭૮મા સ્વાતંત્ર્ય દિનની ઉજવણી



પાલનપુર જીઆઈડીસી





સરીગામ જીઆઈડીસી

## ગેજીયાના હોદ્દેદારોનું સન્માન



ગાંધીનગર ઈલેક્ટ્રોનિક ઝોન એસોસિએશન (ગેજીયા) દ્વારા એફ.આઈ.એ.ની સાધારણ સભાના સમગ્ર કાર્યક્રમનું આયોજન ગેજીયાના હોલમાં કરવામાં આવ્યું તે બદલ એફ.આઈ.એ.ના પ્રમુખશ્રી  દ્વારા ગેજીયાના હોદ્દેદારોનો આભાર વ્યક્ત કરી સન્માન કરવામાં આવ્યું.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

MOFPI
ખાદ્ય સંસ્કરણ ઉદ્યોગ મંત્રાલય , ભારત સરકાર

PMFME
सूक्ष्म उद्यमों का संबल

# સુક્ષ્મ ઉધોગોનું સહાયક

## પ્રધાનમંત્રી
## સુક્ષ્મ ખાદ્ય સંસ્કરણ ઉન્નતિ યોજના

ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લી.

## PMFME યોજના વિષે

દેશભરમાં અસંગઠિત ખાદ્ય પ્રોસેસિંગ ક્ષેત્રમાં આશરે ૨૫ લાખ ઉદ્યોગો છે. કુલ એકમો પૈકી ૬૬% ગ્રામીણ ક્ષેત્રોમાં કાર્યરત છે અને ૮૦% જેટલા પરિવાર આધારિત એકમો છે. આ ઉદ્યોગોને અનેક પ્રકારની મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોય છે. આ બધી જ મુશ્કેલીઓમાં અત્યાધુનીક ટેકનોલોજી અને તેને સંલગ્ન સાધનો, તાલીમ, સંસ્થાકીય સહાયની ઉપલબ્ધતા, ઉત્પાદનની ગુણવત્તાના માપદંડોની જાણકારીનો અભાવ અને બ્રાન્ડિંગ તથા માર્કેટીંગનો અભાવ વગેરે ખૂબ મહત્વના પરીબળો છે. જેના કારણે આ અસંગઠીત ખાદ્ય પ્રોસેસિંગ ઉદ્યોગ પોતાની અનેકગણી ક્ષમતા પ્રમાણે વિક્સિત થઇ શકતા નથી.

આ ક્ષેત્રની મુશ્કેલીઓને દૂર કરવા ભારત સરકારે PMFME યોજના ઘડી છે જેમાં ગુજરાત સરકાર નો ૪૦% ફાળો છે. આ યોજના હેઠળ ઓનલાઇન અરજી દ્વારા કોલેટરલ સુરક્ષા વગર બેંક લોન, સબસીડી, તાલીમ, પ્રોજેક્ટ રીપોર્ટ બનાવવા માટે ડિસ્ટ્રીકટ રીસોર્સ પર્સનની મદદ વગેરેનો લાભ મળે છે.

## હેતુ

- ટેકનોલોજીની માહિતી, સ્કીલ ની તાલીમ તથા આર્થિક સહયોગ દ્વારા સુક્ષ્મ ઉદ્યોગોની ક્ષમતાનું નિર્માણ કરવું તથા પ્રોત્સાહન આપવું.
- ટેકનોલોજીના અપગ્રેડેશન માટે હાલમાં હયાત ઉદ્યોગોને આર્થિક સહાય કરવી.
- ખેત ઉત્પાદન સંગઠન (FPO), સ્વ સહાય જૂથ (SHG), સહકારી મંડળીઓને સુક્ષ્મ ઉદ્યોગોની એક શૃંખલામાં સંપૂર્ણ મૂલ્યવૃદ્ધીમાં સહાય કરવી.
- હયાત ઉદ્યોગોને વિવિધ સરકારી નોંધણી માટે સહયોગ આપવો.
- બ્રાન્ડીંગ તથા માર્કેટિંગ ને મજબુત કરવા એક શૃંખલા ઉભી કરવી.

## PMFME યોજનાના ફાયદા

- ખાનગી માઇક્રો ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગો માટે ઉદ્યોગ દીઠ પાત્ર પ્રોજેક્ટ ખર્ચના ૩૫%(₹ ૧૦ લાખ સુધી) ક્રેડિટ લિંક્ડ સબસિડી આપવામાં આવે છે.
- એફ. પી. ઓ., સહકારી, સ્વ સહાય જૂથોને ક્રેડિટ લિંક્ડ સાથે ૩૫% ના દરે ગ્રાન્ટ-ઇન સહાય આપવામાં આવે છે. (વધુમાં વધુ ૩ કરોડ સબસિડી મળવા પાત્ર થશે)
- આ યોજના હેઠળ વર્કિંગ કેપિટલ તેમજ નાના સાધનોની ખરીદી માટે સ્વ- સહાય જૂથોના પ્રત્યેક સદસ્યને ₹ ૪૦,૦૦૦/- ની સહાય આપવામાં આવે છે.

## લાભ લેવા માટેના માપદંડ

- નવા સ્થાપિત અને હાલમાં કાર્યરત સૂક્ષ્મ ખાદ્ય પ્રોસેસિંગ એકમ.
- એકમ અસંગઠિત હોવું જોઇએ તેમજ એકમમાં ૧૦ થી ઓછા કામદાર હોવા જોઇએ
- અરજી કરનાર વ્યક્તિની ઉંમર ૧૮ વર્ષથી વધુ હોવી જોઇએ.
- એક પરિવારમાંથી ફક્ત એક વ્યક્તિને આર્થિક સહાય મળવાપાત્ર રહેશે. પરિવારમાં વ્યક્તિ પોતે, જીવનસાથી તથા બાળકોનો સમાવેશ થશે.
- ઉદ્યોગ શરૂ કરવા માટે કુલ પ્રોજેક્ટ ખર્ચના ૧૦% રકમ અરજી કરનાર વ્યક્તિએ ફરજીયાત પોતાના ફાળા તરીકે આપવાની રહેશે. જ્યારે બાકીની રકમ બૅન્ક લોન દ્વારા મળવાપાત્ર રહેશે.
- પ્રોજેક્ટ ખર્ચમાં જમીનની કિંમત ગણવાની રહેશે નહીં. મકાન અથવા લિઝ પરના વર્કશેડની કિંમતમાં ગણી શકાશે.



## ડિસ્ટ્રીકટ રિસોર્સ પર્સન (ડીઆરપી) ની ભૂમિકા

- સંભવિત માઇક્રો ફૂડ પ્રોસેસિંગ સાહસિકોની ઓળખ કરવી.
- ઇચ્છુક ઉધોગ સાહસિકોને ઓનલાઇન અરજી કરવી અને ડોક્યુમેન્ટ અપલોડ કરાવવા.
- અરજદારના ડોક્યુમેન્ટ તથા ઉધોગ શરૂ કરવા માટેના સ્થળનું નિરીક્ષણ કરવું અને તેના આધારે પોતાનો અભિપ્રાય આપવો.
- લોન અને સબસિડી મેળવવા માટે ફૂડ પ્રોસેસિંગ ઉધોગ સાહસિકોને બૅન્કો અને સરકાર સાથે જોડવા.
- રિસોર્સ પર્સન દ્વારા વ્યક્તિગત અને સામૂહિક ઉધોગ સાહસિકોને ડિટેલ પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરવા માટે, બૅન્ક લોન લેવા માટે,જરૂરી રજીસ્ટ્રેશન અને લાયસન્સ મેળવવા માટે સહયોગ કરવો.

## કઈ કઈ પ્રોડક્ટ માટે અરજી કરી શકાય?

ફળ ફળાદી, શાકભાજી, ધાન્ય, મરી મસાલા, દૂધ, તેલીબીયા આધારીત તમામ ખાધ ચીજવસ્તુઓ જેવી કે ખાખરા, અથાણાં, નમકીન, જામ, જેલી, સોસ, રેડી ટુ કૂક પ્રોડક્ટ્સ, રેડી ટુ ઈટ પ્રોડક્ટ્સ, બેકરી આઈટમ, વિવિધ પ્રકારના ખાધ પાવડર, પનીર, બટર, તેલ, મસાલા વગેરે.

નોંધ- આ ઉદાહરણ તરીકે આપેલી પ્રોડક્ટ છે, આ સિવાય પણ અન્ય ફૂડ પ્રોસેસીંગમાં આવતી ખાધ પ્રોડક્ટનો સમાવેશ થઈ શકે છે.

## અરજી કરવા માટેની તથા અરજી મંજૂરી માટેની પ્રક્રિયા

1. અરજીની નોંધણી ઓનલાઇન કરવી www.pmfme.mopfi.gov.in
2. અરજી ફોર્મ ભરવું
3. અરજી માટેના જરૂરી ડોક્યુમેન્ટ અપલોડ કરવા
4. અરજી સબમિટ કરવી
5. DLC દ્વારા ભલામણ
6. અગ્રણી બૅંક દ્વારા સમીક્ષા
7. રકમની ચુકવણી (જો અરજી માન્ય હોય તો)

## એગ્રીકલ્ચર ઇન્ફ્રાસ્ટ્રકચર ફંડ (AIF) કૃષિ માળખાગત ભંડોળ

ભારત સરકાર દ્વારા કૃષિ આધારિત ઇન્ફ્રાસ્ટ્રકચર ને પ્રોત્સાહન આપવા કૃષિ માળખાગત ભંડોળ ની સ્થાપના કરવામા આવી છે જેથી કૃષિ પાક નો બગાડ ઓછો થઇ શકે તથા કૃષિ ક્ષેત્રને વિભિન્ન લાભ મળી રહે.

## AIFના આકર્ષક લાભો

- ₹૨ કરોડ સુધીની તમામ લોનને વાર્ષિક 3%ની વ્યાજ સહાય, મહતમ ૭ વર્ષ સુધી.
- CGTMSE યોજના અંતર્ગત ₹ ૨ કરોડ સુધીની ક્રેડિટ ગેરેન્ટી.
- AIFમાં મળતા લાભને અન્ય સરકારી સબસિડી સાથે પણ સાંકળી શકાશે.
- ક્ષેત્રીય ધિરાણની પ્રાથમિકતા માટે જાહેર અને ખાનગી ક્ષેત્રની ૨૧ બૅંન્કો ઉપલબ્ધ છે.

## કોણ અરજી કરી શકે ?

- ખેડૂત, વ્યક્તિગત ઉધોગસાહસિકો, સ્વ સહાય જુથો, ખેડૂત ઉત્પાદક સંગઠનો, પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ (PACS), માર્કેટિંગ સહકારી મંડળીઓ (APMC) વગેરે.

## AIF માં કેવી રીતે અરજી કરી શકાય?

- AIF પોર્ટલ પર મોબાઈલ નંબર, આધાર અને બેન્ક ખાતાની વિગતો સાથે રજીસ્ટ્રેશન કરો (www.agriinfra.dac.gov.in)
- લોનની અરજીનું ફોર્મ ભરી અને વિસ્તૃત પ્રોજેક્ટ રિપોર્ટ મોકલો
- યોગ્ય બેન્ક શાખા પસંદ કરો
- પ્લેટફોર્મ પર લોન નિર્ણય અંગેનુ સ્ટેટસ ટ્રેક કરો
- અરજદારની ચકાસણી બાદ બેન્ક શાખામાં વધારાના દસ્તાવેજો ઓફલાઈન જમા કરાવો
- લાભાર્થીને અંતિમ મંજૂરીની જાણ કરવામાં આવશે તેમજ પ્લેટફોર્મ પર સ્ટેટસ અપડેટ કરાશે

## વધુ માહિતી માટે સંપર્ક કરો

### ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લી.

'એ' વિંગ, બલરામ ભવન,સેક્ટર ૧૦/એ, ગાંધીનગર,- ૩૮૨૦૧૦ (ગુજરાત)

ફોન નંબર :- ૯૭૨૬૬૧૮૧૨૭,૯૯૨૪૯૪૪૯૨૧
૦૭૯-૨૩૨૪૦૨૦૮,૦૭૯-૨૩૨૫૫૯૦૬

ઈમેલ ID :- pmfmegujarat@gmailcom
ediipmfmeguj@gmail.com
Website: - www.pmfme.mofpi.gov.in
www.gaic.gujarat.gov.in

## માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના ભારતના ૭૮મા સ્વતંત્રતા દિવસના સંબોધનના મુખ્ય મુદ્દાઓ

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ભારતના ૭૮મા સ્વતંત્રતા દિવસનાં તેમનાં ભાષણમાં ભવિષ્યનાં લક્ષ્યાંકોની શ્રેણીની રૂપરેખા રજૂ કરી હતી, જેનો ઉદ્દેશ ભારતની વૃદ્ધિને આકાર આપવાનો, નવીનતાને વેગ આપવાનો અને વિવિધ ક્ષેત્રોમાં દેશને વૈશ્વિક નેતા તરીકે સ્થાપિત કરવાનો છે.

પ્રધાનમંત્રીના સંબોધનના મુખ્ય મુદ્દાઓ નીચે મુજબ છે :

૧. **ઈઝ ઓફ લિવિંગ મિશન :** પીએમ મોદીએ મિશન મોડ પર 'ઈઝ ઓફ લિવિંગ'ને પૂર્ણ કરવાના પોતાના વિઝનની રૂપરેખા આપી હતી. તેમણે વ્યવસ્થિત મૂલ્યાંકન અને માળખાગત સુવિધાઓ અને સેવાઓમાં સુધારા મારફતે શહેરી વિસ્તારોમાં જીવનની ગુણવત્તા વધારવાની વાત કરી હતી.

૨. **નાલંદાની ભાવનાનું પુનરુત્થાન :** પ્રધાનમંત્રીએ પ્રાચીન નાલંદા વિશ્વવિદ્યાલયની ભાવનાને પુનર્જીવિત કરવાનો પ્રયાસ કર્યો હતો, જે ઉચ્ચ શિક્ષણ અને સંશોધનને પ્રોત્સાહન આપીને ભારતને વૈશ્વિક શિક્ષણ કેન્દ્ર તરીકે સ્થાન આપે છે. આ ૨૦૨૪માં નાલંદા યુનિવર્સિટીના ઉદ્ઘાટન પર નિર્માણ કરે છે.

૩. **મેડ ઈન ઈન્ડિયા ચિપ-સેમિકન્ડક્ટર પ્રોડક્શન :** પીએમ મોદીએ સેમીકન્ડક્ટર ઉત્પાદનમાં વૈશ્વિક નેતા બનવાની ભારતની પ્રતિબદ્ધતાની રૂપરેખા આપી હતી, જેનો ઉદ્દેશ આયાત પરની નિર્ભરતા ઘટાડવાનો અને તકનીકી આત્મનિર્ભરતા વધારવાનો છે.

૪. **સ્કિલ ઈન્ડિયા :** બજેટ ૨૦૨૪નો ઉલ્લેખ કરીને પ્રધાનમંત્રીએ ભારતનાં યુવાનોને તાલીમ આપવા અને દુનિયાની કૌશલ્યની રાજધાની બનવા માટે સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી સીમાચિહ્નરૂપ પહેલો પર પ્રકાશ પાડ્યો હતો.

૫. **ઔદ્યોગિક ઉત્પાદનનું કેન્દ્ર :** પીએમ મોદીએ ભારતને વૈશ્વિક ઉત્પાદન કેન્દ્રમાં પરિવર્તિત કરવાની, તેના વિશાળ સંસાધનો અને કુશળ કાર્યબળનો ઉપયોગ કરવાની કલ્પના કરી હતી.

૬. **ડિઝાઈન ઈન ઈન્ડિયા, ડિઝાઈન ફોર ધ વર્લ્ડ :** પ્રધાનમંત્રીએ સ્વદેશી ડિઝાઈન ક્ષમતાઓમાં વધારો કર્યો હતો અને આ વાક્યને આગળ ધપાવીને સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બંને બજારોને પહોંચી વળે તેવા ઉત્પાદનો બનાવવાની વિનંતી કરી હતી.

૭. **ગ્લોબલ ગેમિંગ માર્કેટમાં લીડર :** પીએમ મોદીએ કહ્યું કે, મેડ ઈન ઈન્ડિયા ગેમિંગ પ્રોડક્ટ્સ સાથે આવવા માટે ભારતે પોતાના સમૃદ્ધ પ્રાચીન વારસા અને સાહિત્યનો લાભ લેવો પડશે. તેમણે વધુમાં કહ્યું હતું કે, ભારતીય વ્યાવસાયિકોએ માત્ર રમવામાં જ નહીં, પણ રમતોના ઉત્પાદનમાં પણ વૈશ્વિક ગેમિંગ બજારનું નેતૃત્વ કરવું જોઈએ. તેમણે ઉમેર્યું હતું કે, ભારતીય રમતોએ વિશ્વભરમાં પોતાનું સ્થાન બનાવવું જોઈએ.

૮. **ગ્રીન જોબ્સ અને ગ્રીન હાઈડ્રોજન મિશન :** પીએમ મોદીએ જળવાયુ પરિવર્તનનો સામનો કરવાના ભારતના પ્રયાસોમાં ગ્રીન જોબ્સના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, દેશનું ધ્યાન હવે હરિયાળી વૃદ્ધિ અને હરિયાળી રોજગારી પર કેન્દ્રિત છે, જે પર્યાવરણીય સંરક્ષણમાં પ્રદાન કરવાની સાથે રોજગારીની તકોનું સર્જન કરશે. પ્રધાનમંત્રીએ ગ્રીન હાઈડ્રોજન ઉત્પાદનમાં વૈશ્વિક નેતા બનવાની તથા પર્યાવરણનાં સંરક્ષણ અને અક્ષય ઊર્જાનાં ક્ષેત્રોમાં રોજગારીની સ્થાયી તકો ઊભી કરવાની ભારતની કટિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો.

૯. **સ્વસ્થ ભારત મિશન :** પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, વિકાસશીલ ભારત ૨૦૪૭નાં લક્ષ્યાંકને હાંસલ કરવા ભારતે 'સ્વસ્થ ભારત'નાં માર્ગે ચાલવું પડશે, જેની શરૂઆત રાષ્ટ્રીય પોષણ અભિયાનની શરૂઆત સાથે થઈ હતી.

૧૦. **રાજ્ય સ્તરની રોકાણ સ્પર્ધા :** પ્રધાનમંત્રીએ રાજ્ય સરકારોને રોકાણને આકર્ષવા, સુશાસનની ખાતરી આપવા અને કાયદો અને વ્યવસ્થાની સ્થિતિમાં વિશ્વાસ સુનિશ્ચિત કરવા સ્પષ્ટ નીતિઓ સ્થાપિત કરવા અપીલ કરી હતી.

૧૧. **ગ્લોબલ બેન્ચમાર્ક્સ તરીકે ભારતીય ધોરણો :** પીએમ મોદીએ ગુણવત્તા પ્રત્યેની પ્રતિબદ્ધતા માટે માન્યતા પ્રાપ્ત કરવાની ભારતની આકાંક્ષા પર વાત કરતાં જણાવ્યું હતું કે, ભારતીય ધોરણોએ આંતરરાષ્ટ્રીય માપદંડો બનવાની આકાંક્ષા રાખવી જોઈએ.

૧૨. **આબોહવામાં પરિવર્તનનો લક્ષ્યાંક :** પ્રધાનમંત્રીએ વર્ષ ૨૦૩૦ સુધીમાં ૫૦૦ ગિગાવોટ પુનઃપ્રાપ્ય ઊર્જાની ક્ષમતા હાંસલ કરવાનાં ભારતનાં મહત્ત્વાકાંક્ષી લક્ષ્યાંક પર ભાર મૂક્યો હતો. તેમણે નોંધ્યું હતું કે, જી-૨૦ દેશોમાં ભારત એકમાત્ર એવો દેશ છે કે જેણે પેરિસ સમજૂતીનાં લક્ષ્યાંકો હાંસલ કર્યાં છે.

૧૩. **મેડિકલ એજ્યુકેશન એક્સપાન્શન :** પીએમ મોદીએ આગામી પાંચ વર્ષમાં ૭૫,૦૦૦ નવી મેડિકલ બેઠકો ઉમેરવાની યોજનાની જાહેરાત કરી હતી, જેનો ઉદ્દેશ દેશની તબીબી શિક્ષણ ક્ષમતામાં વધારો કરવાનો અને હેલ્થકેર પ્રોફેશનલ્સની વધતી માંગને પહોંચી વળવાનો છે.

૧૪. **રાજકારણમાં નવા લોકોનો સમાવેશ કરવો :** પીએમ મોદીએ ૧ લાખ યુવાનોને રાજકીય પ્રણાલીમાં લાવવાનું આહ્વાન કર્યું હતું. ખાસ કરીને એવા લોકો જેમના પરિવારમાં રાજકારણનો કોઈ ઈતિહાસ નથી. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, આ પહેલનો ઉદ્દેશ સગાવાદ અને જ્ઞાતિવાદનાં અનિષ્ટો સામે લડવાનો તથા ભારતની રાજનીતિમાં નવું લોહી સામેલ કરવાનો છે.

# કોર્પોરેટ ગેરંટી GST હેઠળ એક કાંટાવાળી વાડ સમાન




સરકાર દ્વારા GST કાયદા હેઠળ સુધારાઓ કરવામાં છે અને પરિપત્ર આપી વિવાદ ઉપસ્થિત કરવામાં આવે છે. વળી પાછું GST ખાતાનું ઈન્વેસ્ટીગેશન વિભાગ બેફામ કારણદર્શક નોટિસો ફટકારતા હોય છે. તાજેતરમાં સરકાર દ્વારા કોર્પોરેટ ગેરંટીને લઈને ખૂબ જ અડચણો ઊભી કરી છે અને GST કાયદામાં ફેરફાર કર્યા છે. તારીખ ૨૬ ઑક્ટોબર, ૨૦૨૩ના રોજ નોટીફિકેશન નં. ૫૨/૨૦૨૩ સેન્ટ્રલ ટેક્ષ દ્વારા કોર્પોરેટ ગેરંટીના વ્યવહારમાં સપ્લાયની રકમ કેવી રીતે નક્કી કરવી તે વિષે નિયમ૨૮(૨)ની રચના કરી. આનો આશરો લઈને સરકાર દ્વારા માતબર રકમની ડિમાન્ડ નોટિસો ફટકારવાની તજવીજ કરી છે. ત્યારબાદ GST કાઉન્સિલની સભા ભરાઈ અને તેમ સરકારને પ્રસ્તાવ કર્યો કે જ્યારે વેરાશાખ મળવાપાત્ર હોય તેવા કિસ્સામાં કોર્પોરેટ ગેરંટીની સપ્લાય વિષે વિવાદ ઉપસ્થિત કરવાનો નથી. આના પગલે નોટીફિકેશન નં. ૧૨/૨૦૨૪ - સેન્ટ્રલ ટેક્ષ તારીખ ૧૦/૭/૨૦૨૪ આ પ્રસ્તાવને લીગલ વર્ચસ્વ આપવામાં આવ્યો. ત્યાર પછી હાલ સરકારે તારીખ ૧૧/૭/૨૦૨૪ના રોજ પરિપત્ર ૨૨૫/૧૯/૨૦૨૪- GST જાહેર કરવામાં આવ્યો જેની આજના લેખમાં ચર્ચા કરવામાં આવી છે.

➢ **નિયમ ૨૮(૨) ક્યારથી લાગુ પડશે ?**

નિયમ ૨૮(૨) તારીખ ૨૬/૧૦/૨૦૨૩થી દાખલ કરવામાં આવ્યો છે. સરકાર દ્વારા પરિપત્રમાં એમ ચોખવટ કરવામાં આવી છે. નિયમ ૨૮(૨) આવ્યા પહેલા જ્યારે કોઈ બેંક અથવા ફાઈનાન્સ કંપનીને કોર્પોરેટ ગેરંટી આપવામાં આવતી સપ્લાયરના રિલેટેડ પાર્ટી દ્વારા તે સમયે પણ આ વ્યવહાર ઉપર GST લાગતો. નિયમ ૨૮(૨) દ્વારા તો માત્ર આવા સપ્લાયની રકમની ગણતરી કેવી રીતે કરવી તેની જોગવાઈ કરવામાં આવી છે અને આ વ્યવહાર ટેક્ષેબલ છે કે કેમ તેમ તે વિશે કોઈ નવો લેવી ઊભો કરવામાં આવ્યો નથી. સરકાર નામ તે જે કિસ્સામાં કોર્પોરેટ ગેરંટી નવી અપાઈ હોય અથવા રિન્યૂ થઈ હોય તારીખ ૨૬/૧૦/૨૦૨૩ પહેલા તેવા કિસ્સામાં નિયમ ૨૮(૨)ની ગણતરી પ્રમાણે સપ્લાયની ટેક્ષેબલ વેલ્યૂ નક્કી કરવાની ના થાય. વધુમાં જ્યારે રેસિપિયન્ટને વેરા શાખ મળવાપાત્ર હશે ત્યારે નિયમ૨૮(૨) લાગુ નહીં પડે.

➢ **નિયમ ૨૮(૨)માં ૧ ટકાની ગણતરી કેમ કરવી ?**

સરકાર દ્વારા પરિપત્રમાં ચોખવટ કરવામાં આવી છે કે નિયમ ૨૮(૨)માં લખેલ ૧ ટકાની ગણતરી વાર્ષિક પ્રમાણે કરવાની થાય અને જો કોઈ કેસમાં ૬માસ માટે આપી હોય ગેરંટી તો ગણતરી માટે ૧ ટકા x (૬/૧૨) પ્રમાણે કરવાની થાય. હવે કોઈ કેસમાં પાંચ વર્ષની ગેરંટી આપવામાં આવી હોય તો નિયમ ૨૮(૨) પ્રમાણે પાંચ ટકા પ્રમાણે ગણતરી કરવાની થાય. જો એક વર્ષની ગેરંટી દર વર્ષે રિન્યૂ કરવામાં આવે તે કિસ્સામાં દર વર્ષે૧ ટકા પ્રમાણે ગણતરી કરવાની થાય.

➢ **ફોર્વડ ચાર્જ-રિવર્સ ચાર્જ**

ડોમેસ્ટીક કંપનીના કિસ્સામાં કલમ ૩૧ પ્રમાણે ટેક્ષ ઈન્વોઈસ આપી ફોર્વડ ચાર્જમાં જવાબદારી અદા કરવાની છે અને જે કિસ્સામાં વિદેશની કંપની ભારતની કંપનીને ગેરંટી આપે લોન માટે ત્યારે ભારતના એકમે રિવર્સ ચાર્જ હેઠળ GST ભરવાનો થાય. નિકાસના કિસ્સામાં આ નિયમ લાગુ પડશે નહીં.

➢ **એક કરતા વધુ ગેરેંટર**

જ્યારે એક કરતા વધુ ગેરેંટર હોય ત્યારે પોતાના હિસ્સા પ્રમાણે ૧ ટકાની વહેંચણી કરી GST ની જવાબદારી ચૂકવવાની થાય.

**(Gujarat Samachar)**

# બિનઆયોજીત વિકાસ માનવ અસ્તિત્વ અને ગુણવત્તાયુક્ત જીવન માટે જોખમકારક

## દેશના ૧૦ પ્રદૂષિત શહેરોમાં અમદાવાદ શહેરનો પણ થયેલો સમાવેશ

ચાર્લ્સ ડાર્વીનના પ્રતિપાદિત Evolution of Species and Survival of Fittes - 'ઉત્ક્રાંતિવાદ' સિદ્ધાંત માનવજીવનની તબક્કાવાર પ્રગતિની સાથે પડકારોનો સામનો કરવાનો દિશાનિર્દેશ છે. વિશ્વમાં ૧૪મી સદીથી થયેલ બદલાવને 'નવજાગૃતિ' તરીકે ૧૪૫૩માં કોન્સન્ટીનોપલના પતન બાદ Fall of Constantinopalelu Renaissance તરીકે ઓળખવામાં આવે છે. અને તે બાદ ભૌગોલિક શોધખોળો અને વૈજ્ઞાનિક શંશોધનો Geographical Discoveries - Scientific Inventions તરીકેના યુગને / સમયગાળા તરીકે ઓળખવામાં આવે છે.

આ સમયગાળાથી વૈજ્ઞાનિક અભિગમ અને Rational તર્કસંગત વિચારોને સ્થાન મળ્યું અને ઔદ્યોગિક ક્રાન્તિની શરૂઆત થઈ માનવશક્તિને બદલે યંત્રવત (Man to Machine) બળના ઉપયોગના કારણે ભૌતિકવાદ (Materialism) અને ઉપભોક્તાનો સમાવેશ થયો. આ બધી જ બાબતો માનવજીવનની સુખાકારી તરીકે ગણવામાં આવે છે. ચોક્કસપણે માનવીની Lifestyleમાં બદલાવ આવ્યો, સુખ-સગવડો વધી, પરંતુ ઔદ્યોગિકરણ, શહેરીકરણ અને વિકાસની પ્રક્રિયામાં કુદરતી સમતુલા (Natural Balance) ન જાળવવાના કારણે આજે જે વૈશ્વિક પ્રશ્નો જેવાં કે, તાપમાનમાં વધારો Global Warming, Climate Change હવામાનમાં ફેરફાર, પ્રદૂષણ (Pollution) કુદરતી અને માનવસર્જિત આફતો વિગેરે બૃહદ પ્રશ્નો માનવજીવનને પ્રતિકૂળ અસરકર્તા છે અને તેની અસર વિપરીત સ્વરૂપે થવા માંડી છે. વર્ષો પહેલાં Malt રેજ દ્વારા જણાવવામાં આવેલ કે જો તમે કુદરતને સાથે રાખી સપ્રમાણ રાખી વિકાસની ગતિ ન રાખો તો કુદરત તેનો રાહ અપનાવશે. Nature will take its own course કારણ કે કુદરતી સંસાધનો, જમીન, પાણી, હવા, ખોરાક જે માનવ અસ્તિત્વ માટે અગત્યનું છે તેનું અસાધારણ સ્વરૂપે શોષણ અને ગેરઉપયોગ કરવામાં આવે છે.

આ બધાજ પ્રશ્નો વૈશ્વિક કક્ષાએ મોટા ભાગના વિકસિત દેશો, વિકાશશીલ કે અલ્પવિકસિત દેશો કોઈને કોઈ સ્વરૂપે સામનો કરી રહ્યા છે. UNO - United Nations Organisations જેવી સંસ્થાઓ કોઈકને કોઈક સ્વરૂપે દિશાનિર્દેશ આપે છે કે વૈશ્વિક કક્ષાએ સેમીનાર / સંધી / પ્રોટોકોલ્સ Treaties વિગેરે માધ્યમોથી ઠરાવો / નિર્ણયો કરવામાં આવે પરંતુ તેનો લક્ષ્યાંકો પ્રમાણે અમલ થતો નથી અને અમલવારી માટે કોઈ સાધન નથી. આપણા દેશ અને રાજ્યના પરિપ્રેક્ષ્યમાં આ વિષયો અંગે ચર્ચા કરીએ તો શહેરીકરણ / ઔદ્યોગિકરણ જે બિનઆયોજીત સ્વરૂપે થયું છે તેના પરિણામ સ્વરૂપે પ્રતિકૂળ અસરો પહોંચી છે. તાજેતરમાં દિલ્હીમાં જે અસાધારણ વરસાદ થવાથી પાણીના નિકાલના પ્રશ્નો ઉપસ્થિત થયા, મુંબઈમાં પણ અતિવરસાદના કારણે જનજીવન અસ્તવ્યસ્ત થવાના અને ગુજરાતના પરિપ્રેક્ષ્યમાં અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ કે મધ્યમ અને નાના શહેરોમાં પણ બિનઅયોજીત વિકાસ સાથે આડેધડ બાંધકામ અને દબાણોના કારણે કુદરતી રીતે જે પાણીનો નિકાલ થવો જોઈએ તે થતો નથી. આ બધાના પાયામાં શહેરીકરણની વ્યાપકતા સાથે પૂર્વ આયોજનના અભાવે, બિનઅધિકૃત બાંધકામો, કુદરતી વહેણ (Natural Water Course) નદી તળાવોના Catchmentમાં રૂકાવટ, દબાણ અને Climate Changeના કારણે ઋતુચક્રમાં ફેરફાર થવાથી વરસાદી Patternમાં બદલાવ આવ્યો છે જેથી અસાધારણ સ્વરૂપે વરસાદ પડે છે અથવા તો વરસાદમાં અનિયમિતતા છે જ્યારે

શહેરોમાં પાયાની સુવિધાઓ જેવી કે ગટર, પાણી, રોડ જેવી પ્રાથમિક સુવિધાઓ અપેક્ષિત ધોરણે પૂરી પાડી શકાતી નથી ત્યારે વરસાદી પાણીના નિકાલ અંગે Storm Waterના નિકાલની વ્યવસ્થા હોતી નથી. તેનું પણ કારણ એ હતું કે મહાનગરપાલિકા / નગરપાલિકાની પ્રાથમિક જરૂરિયાતોમાં આનો સમાવેશ થતો ન હતો. As this is Discretionary Function અને કુદરતી રીતે વરસાદી પાણીનો નિકાલ કોતર, ખાડી, વહેણ મારફત નદી / તળાવમાં થતો.

આજે પણ શહેરમાં પસાર થતી નદીઓ તાપી, નર્મદા, મહિ, વિશ્વામિત્રી, સાબરમતી, આજીમાં ગટરના પાણી વહે છે અને અનધિકૃત દબાણો થવાથી કુદરતી સ્વરૂપે પાણી વહન થતા નથી અને શહેરોમાં અસાધારણ સ્વરૂપે વરસાદ પડે છે ત્યારે વરસાદી ગટરોના અભાવે અને વહન કરવાની ક્ષમતાના અભાવે નિકાલ થતો નથી. આ પરિસ્થિતિ દેશ અને રાજ્યના મોટાભાગના શહેરોની વિશ્વકક્ષાએ Resilience of City આફત મુક્ત શહેરો તેવા અભિગમ છે અને સંસ્થાકીય રીતે જોઈએ તો રાષ્ટ્રીય કક્ષાએ National Disaster Management Authority અને રાજ્યકક્ષાએ પણ State Disaster Management Authority છે. પરંતુ આ બધામાં Multi-level Authority હોવાને કારણે એકબીજા ઉપર ઢોળવામાં આવે છે. દા.ત. પાયાની સુવિધાઓ આપવાની જવાબદારી મહાનગરપાલિકા / નગરપાલિકાની છે પરંતુ તેમાં રાજ્યનું સિંચાઈ વિભાગ, મહેસૂલ વિભાગ, શહેરી વિકાસ વિભાગ આવે. જેથી Holistic Planning કરીને લાંબાગાળાના આયોજનના ભાગરૂપે વરસાદી પાણીના નિકાલનું આયોજન કરવું જરૂરી છે. કારણ કે આના અભાવે જનજીવન અસ્તવ્યસ્ત થાય તેની સાથે સ્થાનિક Infrastructure ને Loss ઉપરાંત રોગચાળા અને અન્ય પ્રશ્નો ઉપસ્થિત થાય છે.

જ્યારે બિનઆયોજીત વિકાસની વાત કરીએ તો તેમાં શહેરોના આડેધડ વિકાસની સાથે ઔદ્યોગિકરણને કારણે જે પ્રદૂષણ થાય છે અને તેની સામે એવો દાવો કરવામાં આવે છે કે ઔદ્યોગિક રોકાણ થાય છે અને આટલી સંખ્યામાં રોજગારીની તકો ઊભી થશે, પરંતુ આપણા ગુજરાતની જ વાત કરીએ તો જ્યાં કેમીકલ્સ કે અન્ય ઝેરી પ્રદુષણયુક્ત ઉદ્યોગ આવેલ છે તેમાં ધોરણસરના Treatmentના અભાવે પર્યાવરણને મોટું નુકસાન થયું છે. આ અંગે અવારનવાર નામાંકિત Agencies îtht Air Quality અને Livability Index ના આંકડાઓ આપવામાં આવે છે. તાજેતરમાં લાન્સેટ જનરલમાં જે આંકડાઓ આપવામાં આવ્યા છે તે મુજબ દેશના ૧૦ શહેરોમાં દૈનિક મોતમાં સાત ટકાનું કારણ પ્રદૂષણ બતાવવામાં આવ્યું છે. જેમાં દિલ્હી સૌથી આગળ છે. આમાં અમદાવાદનો પણ સમાવેશ થાય છે. આ પ્રદૂષણના કારણે અસંખ્ય લોકો અસ્થમાં અને ગંભીર પ્રકારની બિમારીથી પીડાય છે. આ પ્રદૂષણમાં વાહન અને ઔદ્યોગિક પ્રદૂષણનો પણ સમાવેશ થાય છે.

આ બધી સ્થિતિ જોતાં તારણ ઉપર આવી શકાય કે ભુતાન, ન્યુઝીલેન્ડ જેવા દેશો પર્યાવરણ અને Happinessના ભોગે તેઓનો વિકાસ નથી જોઈતો કે જે માનવીના જીવનને જોખમાવે. ગુજરાતના એક વાયબ્રન્ટ સમિટમાં ભુતાનના વડાપ્રધાને તેમના પ્રવચનમાં સ્પષ્ટ જણાવેલ કે ભુતાનનું Development Lies in the Happiness of People આપણે વિશ્વની મહાસત્તા આર્થિક દૃષ્ટિએ બનવાની દિશામાં પગલાં લઈ રહ્યા છીએ. પરંતુ એ એવા ક્ષેત્રો ન હોવા જોઈએ કે જેનાથી પર્યાવરણને નુકસાન થાય અને એવો બિનઆયોજીત વિકાસ ન થાય કે જેનાથી માનવજીવનની ગુણવત્તાને અસર કરે, આપણે લક્ષ્યાંકો નક્કી કર્યા છે કે ૨૦૭૦ સુધીમાં આપણે 0' Carbon Emission કરીશું. પરંતુ તેનું તબક્કાવાર અયોજન સાથે અમલીકરણ જરૂરી છે. આમ વિકાસની દોટની પ્રક્રિયામાં માનવ જીવનની ગુણવતાને કેન્દ્રમાં રાખવામાં આવે તે જરૂરી છે.

**(Gujarat Samachar)**

# કેન્દ્રીય પ્રદૂષણ બોર્ડની સુસ્તીને કારણે ઉદ્યોગોના વિસ્તરણ અટવાયા



**પ્રદૂષણનું વિશ્લેષણ કરી રિપોર્ટ રજૂ કરવાની કાર્યવાહી છ વર્ષથી કરવામાં આવી નથી.**

દર બે વર્ષે જળ, વાયુ અને જમીનના પ્રદૂષણનું વિશ્લેષણ કરીને રિપોર્ટ આપવાનો નિયમ હોવા છતાં કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા છ વર્ષથી રિપોર્ટ તૈયાર કરવામાં ન આવ્યો હોવાથી ગુજરાતની છ ઔદ્યોગિક વસાહતોના સેંકડો ઔદ્યોગિક એકમો તેમના ઉદ્યોગોના વિસ્તરણના કામકાજ કરી શકતા નથી તેમજ નવા પ્રોડક્ટ્સ પણ બનાવી શકતા નથી. કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડે વાયુ, જળ અને જમીનના પ્રદૂષણના આંકડાઓ એકત્રિત કરીને આસપાસ રહેતી પ્રજા પણ પડતી તેની અસરનો અહેવાલ રજૂ કરવાનો હોય છે. પરંતુ કેન્દ્રીય પ્રદૂષણ બોર્ડે છ વર્ષથી આ રિપોર્ટ તૈયાર જ કર્યો નથી.

કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની આ સુસ્તોનો ભોગ અંકલેશ્વર, વાપી, વટવા, નારોલ, ભાવનગર અને જૂનાગઢ જીઆઈડીસીના સંકડો એકમો બની રહ્યા છે. કોમ્પ્રિહેન્સિવ એન્વાયર્નમેન્ટ પોલ્યુશન ઈન્ડેક્સનો સ્કોર ૫૦ થી ૬૦નો હોય તો તે ઔદ્યોગિક વસાહત પ્રદૂષણ ફેલાવતી હોવાનું કહેવાય છે. આ કેટેગરીમાં નરોડા અને ઓઢવ આવે છે. સેપીસ્કોર ૬૦ થી ૭૦નો આવે તો તે ઔદ્યોગિક વસાહત ગંભીર પ્રદૂષણનો ભોગ બનેલી ઔદ્યોગિક વસાહતની કેટેગરીમાં આવે છે. પરંતુ સેપીસ્કોર ૭૦ કરતાં વધુ હોય તો તેને ક્રિટીકલી પોલ્યુટેડ જીઆઈડીસીની કેટેગરીમાં મૂકવામાં આવે છે. આ કેટેગરીમાં વટવા, નારોલ, ભાવનગર, અંકલેશ્વર, વાપી અને જૂનાગઢની જીઆઈડીસીને મૂકવામાં આવી છે.

૨૦૧૬ની સાલમાં સેપીસ્કોર માપવા માટેની નવી ગાઈડલાઈન્સ સરકારે બહાર પાડેલી છે. આ ગાઈડલાઈન પ્રમાણે દર બે વર્ષે જળ, જમીન ને વાયુ પ્રદૂષણની વિગતો મેળવીને કે લઈને તેનું વિશ્લેષણ કરીને સેપી સ્કોર આપવાનો હોય છે. અમદાવાદની વટવા, નારોલ ઉપરાંત ભાવનગર, અંકલેશ્વર, વાપી અને જૂનાગઢ ઔદ્યોગિક વસાહતને ક્રિટીકલી પોલ્યુટેડ જીઆઈડીસીની કેટેગરીમાં મૂક્યા પછી એટલે કે ૨૦૧૮ થી આજદિન સુધી એટલે કે મે ૨૦૨૪ સુધી કેન્દ્રીય પ્રદૂષણ બોર્ડે સેપીસ્કોર કાઢ્યો જ નથી.

સામાન્ય રીતે જૂન અને ઑક્ટોબરમાં સેમ્પલ્સ લઈને તેનું વિશ્લેષણ કરવામાં આવે છે. આ વર્ષે જૂનમાં સેમ્પલ્સ ન લેવામાં આવે તો ૨૦૨૫ના જૂન સુધી મામલો લંબાઈ જવાની સંભાવના રહેલી છે.

**(Gujarat Samachar)**

# વિદેશી રોકાણ મામલે ગુજરાતે માર્યું મેદાન, ૨૦૨૪માં $7.3 બિલિયન રોકાણ આવ્યું

ભારત સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઑફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ (DPIIT) દ્વારા બહાર પાડવામાં આવેલા નવા ડેટા અનુસાર, ગુજરાતમાં આ વર્ષે પ્રત્યક્ષ વિદેશી રોકાણ (FDI) પ્રવાહમાં દેશમાં સૌથી વધારે ગ્રોથ જોવા મળ્યો છે.

ગત નાણાકીય વર્ષમાં પ્રાપ્ત થયેલા $4.7 બિલિયન FDI પ્રવાહની સરખામણીએ નાણાકીય વર્ષ ૨૦૨૪માં ગુજરાતે ૫૫ ટકાના વધારા સાથે $2.6 બિલિયન વધુ FDI પ્રાપ્ત કર્યું છે. આમ, ગુજરાતે નાણાકીય વર્ષ ૨૦૨૪માં $7.3 બિલિયન નવું FDI પ્રાપ્ત કરીને, કર્ણાટક અને દિલ્હીને આ બાબતે પાછળ છોડી દીધા છે અને FDI પ્રવાહમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારતના વિઝનને અનુરૂપ ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યમાં ઘણા ઉદ્યોગ-અનુકૂળ નિર્ણયો અને નીતિઓનો અમલ કર્યો છે, જેનું પરિણામ એ છે કે ગુજરાતે સતત ત્રણ નાણાકીય વર્ષ (૨૦૨૨,૨૦૨૩,૨૦૨૪)માં અનુક્રમે $2.7, $4.7 અને $7.3 બિલિયનનું પ્રત્યક્ષ વિદેશી રોકાણ મેળવીને ઉત્તરોત્તર વૃદ્ધિ નોંધાવી છે.

ગુજરાતને સતત પ્રાપ્ત થનાર FDIના પ્રવાહ અંગે, ગુજરાતના ઉદ્યોગ અને ખાણ વિભાગના મંત્રી બળવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે, "વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ આપણા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સુનિશ્ચિત કરી રહ્યા છે કે રાજ્યમાં રોકાણ અને વ્યવસાય માટે અત્યાધુનિક ઔદ્યોગિક માળખાકીય સુવિધાઓ અને ઉદ્યોગોને અનુકૂળ નીતિઓ ઉપલબ્ધ કરાવવામાં આવે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી વિશેષ પ્રયાસોને કારણે, ગુજરાતે સેમિકન્ડક્ટર જેવા મોટા ક્ષેત્રોમાં પણ મોટું રોકાણ પ્રાપ્ત કર્યું છે."

**ગુજરાતમાં સતત FDI પ્રવાહની વૃદ્ધિના કારણો**

